Government of Gujarat

# Memorandum of Understanding

Between

## GUJARAT STATE YOG BOARD

(Under Sports, Youth & Cultural Activities Department)

Office: Block 19, 3rd Floor, Dr. Jivraj Mehta Bhavan, Sector 10A, Gandhinagar-382010

Ph: 079-232 58342, 58343 Email: gujaratyogboard@gmail.com, yogboard@gujarat.gov.in Web: www.gsyb.in

and

## SHRI MANIBHAI VIRANI AND SMT. NAVALBEN VIRANI SCIENCE COLLEGE

(An Autonomous College affiliated to Saurashtra University, Rajkot)

"Yogidham Gurukul", Kalawad Road, Rajkot-360005

Ph: 0281-2562681, Email: principal@vsc.edu.in Web: www.vsc.edu.in

બે સંસ્થાઓ વચ્ચેના સહકારના શૈક્ષણિક લાભોને માન્ય રાખીને વાજબીપણાં અને સમાનતાના આધાર પર સહકારની પ્રક્રિયા સરળ બનાવવા માટે શ્રી એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ, રાજકોટ તથા ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર આ સમજુતી કરાર પર જોડાણ કરે છે. દેખીતી રીતે જ સહકારી સંબંધમાં પ્રત્યેક પગલું પરસ્પરની સંમતીથી અને પરામર્શ એકબીજાની સંમિત પર આધારિત હશે. આ સમજુતી કરારનો સામાન્ય હેતુ યોગ, આરોગ્યપ્રદ જીવન અને સુખાકારી પ્રવૃતિઓ શીખવાની અને આવી પ્રવૃતિઓની તાલીમ અને સંયુક્ત શૈક્ષણિક અને તાલીમ કાર્યક્રમોની શકયતાઓને આગળ વધારવાની પ્રવૃતિઓને પ્રોત્સાહિત કરવા માટે આ સમજુતી કરારમાં ભાગ લઈ રહેલી બે સંસ્થાઓ વચ્ચે શૈક્ષણિક, તાલીમ સંબંધ અને સહયોગ માટે મજબુત માળખું સ્થાપવાનો છે.

સહભાગી સંસ્થાઓ સહયોગ માટે નીચે મુજબના વિવિધ આયામો અપનાવવા માટે સહમત થાય છે.

૧. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારીની પ્રવૃત્તિના ક્ષેત્રમાં સંયુકત તાલીમ, બંને સંસ્થાઓ જરૂરી પરવાનગીઓ અને પરવાના મેળવવાની બાબતમાં એકબીજાને મદદ કરશે.

૨. યોગ, સ્વાસ્થ્યપ્રદ જીવન અને સુખાકારીની પ્રવૃત્તિઓની બાબતમાં શૈક્ષણિક સામગ્રી અને શૈક્ષણિક પ્રકાશનોનું આદાનપ્રદાન કરશે.

૩. તાલીમ, કાર્યશાળા, વ્યાખ્યાનો અને ચર્ચા-સભાઓ માટે વિદ્યાશાખાના સભ્યોનું આદાનપ્રદાન કરશે.

૪. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃતિઓ, તેઓની તાલીમ, કાર્યશાળા અને સ્પર્ધાઓના આયોજન માટે માળખાગત સુવિધાઓનો પપરસ્પર ઉપયોગ.

૫. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃતિઓને લગતા ખાસ પ્રસંગોનો અમલ કરવા માટે બંને સંસ્થાઓ દ્વારા પુરી પાડવામાં આવતી પરામર્શ સેવાઓ.

૬. યોગ, સ્વસ્થ જીવન અને સુખાકારી પ્રવૃત્તિઓને લગતા અભ્યાસક્રમો અને શૈક્ષણિક કાર્યક્રમો માટે જયારે જરૂર પડે ત્યારે/સક્ષમ સત્તાધિકારીઓની મંજુરી મળ્યેથી ___---___ સંસ્થાનું જોડાણ મેળવશે.

સંયુક્ત પ્રવૃતિઓનું વિષયવસ્તુ અને સિદ્ધ કરેલ પરિણામોનો ઉપયોગ કરવા માટેની શરતો તેમજ મુલાકાતો અને વિદ્યાર્થીઓ/તાલીમાર્થીઓના આદાન-પ્રદાન સહિતના તમામ પ્રકારના સહકાર માટેની વ્યવસ્થાઓ અંગે પ્રત્યેક ચોક્કસ કિસ્સામાં વાટાઘાટો કરવામાં આવશે. બંને સંસ્થાઓને ખ્યાલ છે કે તમામ આર્થિક વ્યવસ્થાઓ અંગે વાટાઘાટો કરવામાં આવશે અને સંલગ્ન પ્રવૃતિઓની શરૂઆતની પહેલા વિનિમય કરાર મુકરર કરવામાં આવશે.

આ સમજુતી કરારના અસરકારક અમલ માટે પ્રત્યેક સંસ્થા બંને સંસ્થાઓ વચ્ચેના સંપર્ક માટે જવાબદાર સંપર્ક વ્યક્તિ તરીકે એક સભ્યની નિમણુંક કરશે. આ સમજુતી કરાર જ્યાં સુધી કોઇ એક પક્ષ દ્વારા અન્ય પક્ષને લેખિતમાં છ મહિના પહેલાં નોટિસ આપવામાં ન આવે ત્યાં સુધી શરૂઆતમાં ત્રણ વર્ષ સુધીની મુદત સુધી અમલમાં રહેશે. બંને સંસ્થાના પ્રતિનિધિઓ આ સમજુતી કરાર સમાપ્ત થવાના છ મહિના પહેલા આ કરારની મુદત વધારવાની શરતો અંગે ચર્ચા કરશે અન્યથા તેની મુદત આપોઆપ વધી ગયેલ હોવાનું માની લેવામાં આવશે.

આ સમજુતી અંતર્ગતની તમામ પ્રવૃત્તિઓના અમલવારીકરણ સમયે તથા / અથવા તે સબબના / અન્ય આર્થિક વ્યવહારોની વિગતો બંને સંસ્થાઓની પરસ્પર સહમતિ અને સમજુતીથી તે અંગેનું એનેક્ષર / જોડાણ આ સમજુતી કરારમાં જે તે સમયે ઉમેરવામાં આવશે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન અને શ્રી એમ. એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ ના આચાર્ય દ્વારા વર્ષ ૨૦૨૨ ના મે મહિનાની ૨૩ તારીખે અમલમાં આવેલ.

સ્થળ: રાજકોટ

તારીખ: ૨૩/૦૫/૨૦૨૨

(ડૉ. ગૌરવ મકવાણા)
કો-ઓર્ડીનેટર
Physical Training Instructor,
Shree M. & N. Virani Science College
(Autonomous), Rajkot

( )
કો-ઓર્ડીનેટર,
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ,
ગાંધીનગર

ડૉ. કે. ડી. લાડવા
Principal
Shri Manibhai Virani and
Smt. Navalben Virani Science College
(Autonomous) Rajkot.

યોગસેવક શીશપાલ
ચેરમેન,
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ,
ગાંધીનગર

Gujarat State Yog Board * Gandhinagar *

સાક્ષી-: ....................
સ્પોર્ટસ ડાયરેક્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, રાજકોટ